# ૫ કેમ છે?

ધ્રુવકુમાર ભટ્ટ

**ધ્રુવકુમાર પ્રબોધરાય ભટ્ટ :** મોરબીના વતની આ કવિ નવલકથાકાર તરીકે પણ જાણીતા છે. બાળ સાહિત્યક્ષેત્રે પણ તેમનું પ્રદાન નોંધપાત્ર છે. બાળસાહિત્ય ક્ષેત્રે તેમનું ઉત્તમ સર્જન એટલે 'શ્રૃણવંતુ' કાવ્યસંગ્રહ છે. 'અગ્નિકન્યા' તેમની નવલકથા છે. તો 'ખોવાયેલું નગર' પણ શ્રેષ્ઠ સર્જન છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા તેમના શ્રેષ્ઠ સર્જનને નવાજવામાં આવ્યું છે. અહીં આપણે તેમના એક સુંદર ગીતને લીધું છે.

પ્રસ્તુત ગેય ગીતમાં જીવનને આનંદપૂર્વક માણવાની વાત કરી છે. જીવનના કોઈપણ તબક્કે સકારાત્મક દષ્ટિકોણ અપનાવીએ તો ક્યારેય દુઃખનો અહેસાસ પણ થતો નથી. દુઃખમાં પણ કેવી રીતે સુખને શોધવું તે જુદાંજુદાં ઉદાહરણો દ્વારા કવિએ સરળ શબ્દોમાં સમજાવ્યું છે. આપણે હંમેશાં આનંદમાં રહેવું જોઈએ.

વિષમ પરિસ્થિતિમાં પણ ભગવાનની કૃપાને ભૂલવી જોઈએ નહિ. જીવનમાં ક્યારેક એકલતા સાલે તો પણ કવિને મેળામાં હોવાની જ પ્રતીતિ થાય છે. કુદરતના સાંનિધ્યમાં જ કવિને પોતાની સમૃદ્ધિ જણાય છે. દુઃખના સમયે પણ હૃદયની સૌમ્યતાને-સંવેદનાને ભૂલવાની કવિ ના પાડે છે. કારણકે દરિયાને ક્યારેય ભરતી કે ઓટના હિસાબની પરવા હોતી નથી. તે પોતાની મોજમસ્તીમાં રહે છે. સૂરજ પણ ઊગે અને આથમે પણ આકાશને તેની કોઈ અસર થતી નથી.

---

ઓચિંતું કોઈ મને રસ્તે મળે
ને કદી ધીરેથી પૂછે કે કેમ છે?
આપણે તો કહીએ કે દરિયાશી મોજમાં
ને ઉપરથી કુદરતની રહેમ છે.
ફાટેલાં ખિસ્સાંની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ.
એકલો ઊભું ને તોય મેળામાં હોઉં એવું
લાગ્યા કરે છે મને રોજ.
તાળું વસાય નહીં એવડી પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે.
આપણે તો કહીએ કે...
આંખોમાં પાણી તો આવે ને જાય.
નથી ભીતર ભીનાશ થતી ઓછી.
વધ-ઘટનો કાંઠાઓ રાખે હિસાબ



નથી પરવા સમંદરને હોતી.
સૂરજ તો ઊગે ને આથમીયે જાય
મારી ઉપર આકાશ એમનેમ છે
આપણે તો કહીએ કે...

---

## ● માર્ગદર્શક સ્તંભ ●

આ કૃતિનું અધ્યાપન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓને ખાસ સમજાવવું કે જીવન ભગવાને આપેલી અમૂલ્ય ભેટ છે. તેથી તેને મન ભરીને માણી લેવાનું છે. સાચા અર્થમાં જીવવાનું છે. જીવનમાં સુખ કે દુઃખ કોઈપણ પરિસ્થિતિ આવે તો તે ભગવાનની મરજી સમજીને સ્વીકારી લેવી. સુખમાં છકી ન જવું તેમ દુઃખમાં હિંમત ન હારવી.


સૂર્યોદય, સૂર્યાસ્ત અને આકાશની પરિસ્થિતિ વિશે પ્રશ્નો પૂછીને કાવ્યમાં તે ઉદાહરણનો મર્મ છુપાયેલો છે તે સમજાવવો.

ભૂગોળના વિષય સાથે અનુબંધ બાંધવા ભૌગોલિક પ્રશ્નો પૂછીને દરિયો, પૂનમ, ભરતી, ઓટ, અમાસ વગેરે બાબતોની માહિતી વિદ્યાર્થીઓ પાસેથી મેળવવી અને કાવ્યના સંદર્ભે તેની વિસ્તૃત છણાવટ કરવી.

પ્રશ્નોની મદદથી જ સદ્ગુણોની યાદી તૈયાર કરાવવી. નૈતિક મૂલ્યોની યાદી પણ તૈયાર કરાવવી અને પછી તેને જીવનમાં અપનાવવાની જરૂરિયાત ઉપર પ્રકાશ પાડવો.

એકલતામાં ભીડ અને ભીડમાં એકલતાને યોગ્ય સંદર્ભ સાથે છણાવટ કરી મનુષ્ય સામાજિક પ્રાણી છે તે બાબત વિદ્યાર્થીઓ પાસેથી જ કઢાવવી.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલાં શબ્દો શોધો.**

(૧) અચાનક (૨) ભંડાર (૩) કૃપા (૪) સમુદ્ર
(૫) પેટી (૬) ગજવું (૭) ક્ષેમકુશળ (૮) પ્રકૃતિ

**સ. ૨ કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને લખો.**

(આકાશ, બેપરવા, કૃત્રિમ, આથમવું, વધ, ભીતર)

(૧) પરવા (૨) પાતાળ (૩) ઊગવું
(૪) ઘટ (૫) કુદરતી (૬) બહાર

**સ. ૩** 'વધ-ઘટ' જેવા અન્ય પાંચ જોડશબ્દો લખો.

## સ. ૪ શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો.

(૧) સમંદર - ________, ________, ________, ________

(૨) આકાશ - ________, ________, ________, ________

(૩) સૂરજ - ________, ________, ________, ________

(૪) હેમખેમ - ________, ________, ________, ________

(૫) ખજાનો - ________, ________, ________, ________

## સ. ૫ જૂથમાં ન બેસતાં શબ્દ નીચે લીટી દોરો.

(૧) આંખ - ચક્ષુ, લોચન, અશ્રુ, નયન, નેત્ર

(૨) આકાશ - નભ, આસમાન, વ્યોમ, આભ, અભ્ર

(૩) સૂરજ - સૂર્યા, આદિત્ય, સૂર્ય, ભાનુ, અરુણ

(૪) દરિયો - સમુદ્ર, દધિ, સાગર, રત્નાકર, વારિધિ

(૫) રહેમ - કૃપા, દયા, મહેરબાની, રહીમ, અનુગ્રહ

## સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(૧) કવિને રહેમ છે....................

(અ) મિત્રોની (આ) વડીલોની (ઈ) કુદરતની


(૨) એકલા હોવા છતાં કવિને હોવાનું લાગે છે....................

(અ) બગીચામાં (આ) મેળામાં (ઈ) સભામાં

(૩) કવિનો ખજાનો હેમખેમ છે....................

(અ) પટારામાં (આ) કબાટમાં (ઈ) પેટીમાં

## સ. ૭ યોગ્ય રીતે જોડો.



**સ. ૮ કોણ તે કહો.**

(૧) વધઘટનો હિસાબ રાખનાર -

(૨) ઊગીને આથમી જનાર -

(૩) છલકાતી મલકાતી મોજને સમાવનાર -

(૪) ખજાનાને હેમખેમ રાખનાર -

(૫) પટારીનું સંરક્ષણ કરનાર -

**સ. ૯ નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો.**

(૧) સમુદ્રને તેના પાણીની વધઘટની ચિંતા નથી.

(૨) કવિને એકલતા કદી સતાવતી નથી.

(૩) અંતરની લાગણીમાં કદી ઓટ આવતી નથી.

(૪) પૈસા ન હોવા છતાં પણ આનંદમાં રહેવું જોઈએ.

**સ. ૧૦** પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

★ ''છે માનવી જીવનની ઘટમાળ એવી,

સુખ અલ્પ, દુઃખ થકી ભરેલી''

આ પંક્તિમાં કવિ જે કહેવા માંગે છે તે તમારા શબ્દોમાં ૩થી ૪ વાક્યોમાં કહો.

**સ. ૧૧ વચન બદલો.**

(૧) ખિસ્સું - ________

(૨) દરિયો - ________

(૩) ________ - તાળાં

(૪) ________ - મેળા

(૫) તળાવ - ________

(૬) કાંઠો - ________

**સ. ૧૨ વિશેષણ ઉપરથી નામ બનાવો.**

દા. ત. - ભીનું - ભીનાશ

(૧) કાળું - ________

(૨) લાલ - ________

(૩) કડવું - ________

(૪) મીઠું - ________

(૫) હળવું - ________

(૬) રાતું - ________

**સ. ૧૩ અધોરેખિત શબ્દો ઓળખો. તે નામ, સર્વનામ, વિશેષણ કે ક્રિયાપદ છે તે તેની સામે લખો.**

(૧) કવિને એકલતા કદી સતાવતી નથી. ________

(૨) દરિયો આનંદની છોળો ઉડાડે છે. ________

(૩) જીવન ભગવાને આપેલી અમૂલ્ય ભેટ છે. ________

(૪) આપણે સકારાત્મક દૃષ્ટિકોણ અપનાવવાનો છે. ________

## પ્રકલ્પ

★ ઈન્ટરનેટની મદદથી કૃષ્ણ-સુદામાની મૈત્રી વિશેનો એકાદ પ્રસંગ શોધી ચિત્રસહિત ચાર્ટસ બનાવો.

## વિશેષ વાંચન



અમે રાખમાંથીએ બેઠા થવાના,
જલાવો તમે તોયે જીવી જવાના.

ભલે જળ ન સીંચો તમે તે છતાંયે.
અમે ભીંત ફાડી ને ઊગી જવાના.

ધખો તમતમારે ભલે સૂર્ય માફક
સમંદર ભર્યો છે, ન ખૂટી જવાના.

ચલો હાથ સોંપો, ડરો ન લગીરે,
તરી પણ જવાના ને તારી જવાના.

અમે જળની માફક ગગન આખું ઝાલ્યું,
અમે પંખી એકે ન ચૂકી જવાના!

હર્ષ બ્રહ્મભટ્ટ

**વેચાઈ જવા કરતાં વહેંચાઈ જવામાં લિજ્જત છે.**

❀ ❀ ❀

# વાક્યપ્રકાર

◆ **નીચેનાં વાક્યો વાંચો.**

(અ) (૧) ભાઈ-બહેન અભ્યાસ કરે છે.

(૨) બા પૂજા કરવા બેઠા છે.

(૩) બાપુજી ઑફિસે જાય છે.

ઉપરનાં વાક્યો હકારાત્મક છે કારણ તેમાં 'ન/ના, નહિ, નથી' જેવા નકારાત્મક શબ્દ નથી.

(બ) (૧) ભાઈ વ્યાયામ કરવા જીમમાં જતો નથી.

(૨) તેની પાસે છુટ્ટા પૈસા નહોતા.

(૩) તેણે કોઈનું સાંભળ્યું નહિ.

ઉપરના વાક્યમાં 'ન/ના, નહિ, નથી' જેવા નકાર શબ્દ આવ્યા છે. આવાં વાક્યને નકારાત્મક વાક્ય કહે છે.

## સ્વાધ્યાય



૧. વાક્યનો પ્રકાર ઓળખી બાજુમાં લખો.

ઉદા. ખૂબ મોટો સાપ છે. : હકારાત્મક વાક્ય

(૧) બાપુજી આજે વહેલા નહિ આવે. : ______________

(૨) અમે શાળાની સહેલે જઈએ છીએ. : ______________

(૩) તું કેમ કંઈ ખાતી નથી ? : ______________

(૪) તેણે નોકરને પૈસા ના આપ્યા. : ______________

(૫) ઉમેશે નૈનિતાલ જોયું છે. : ______________

◆ **યાદ રાખો :** ઘણીવખત વિરામચિહ્નો ઉપરથી પણ વાક્યના પ્રકાર નક્કી થાય છે. પૂર્ણવિરામવાળાં વાક્યોને વિધાનવાક્ય કહેવાય. પ્રશ્નાર્થચિહ્નવાળા વાક્યને પ્રશ્નાર્થવાક્ય કહેવાય તેમ ઉદ્ગારચિહ્નવાળા વાક્યને ઉદ્ગારવાચક વાક્ય કહેવાય છે.

૨. નીચેનાં વાક્યોના પ્રકાર વિરામચિહ્નોના આધારે કહો.

(૧) તમે વ્યાકરણમાં શું શું શીખ્યા ? : ______________

(૨) અહાહાહા ! કેટલું સુંદર દૃશ્ય છે ! : ______________

(૩) રામાયણ અને મહાભારત આપણાં પુરાણો છે. : ______________

(૪) ટી.વી. માં તમને કઈ ચેનલ પરના કાર્યક્રમો ગમે છે ? : ______________

(૫) અધધધ ! કેટલાં બધાં મોતી ! : ______________

# વાંચો, વિચારો અને નક્કી કરો

શ્રદ્ધા, સાધના અને પૂજા ત્રણે બહેનપણીઓ છે.

તેઓમાંથી એક મમ્મી સાથે, એક દાદી સાથે અને એક માસી સાથે બગીચામાં જાય છે.

ત્રણેયની પાસે કમળ, મોગરો અને ગુલાબનું એક એક ફૂલ છે.

એકે પંજાબી ડ્રેસ, એકે ફ્રોક અને એકે સ્કર્ટ પહેર્યાં છે.

◆ **આટલી માહિતી ઉપરથી તમારે શોધવાનું છે કે,**

- ત્રણે બહેનપણીઓમાંથી કોણ કોની સાથે આવ્યું હતું ?
- કોણે ક્યો ડ્રેસ પહેર્યો હતો ?
- કોની પાસે ક્યું ફૂલ હતું ?

◆ **જવાબ સહેલાઈથી શોધી શકાય તે માટે નીચે કેટલીક ચાવીઓ આપી છે.**

- શ્રદ્ધાએ ફ્રોક પહેર્યું નથી. તે તેની દાદી સાથે આવી છે.
- જે મમ્મી સાથે આવી છે તેની પાસે મોગરાનું ફૂલ છે.
- જેની પાસે ગુલાબ છે તેણે સ્કર્ટ પહેર્યું છે.
- જેણે પંજાબી ડ્રેસ પહેર્યો છે તે માસી સાથે આવી છે પણ તે પૂજા નથી.

◆ **જવાબ શોધી નીચેનો કોઠો પૂરો કરો.**

| બહેનપણીઓ | ડ્રેસ | કોની સાથે આવી ? | ક્યું ફૂલ છે ? |
|---|---|---|---|
| શ્રદ્ધા | | | |
| સાધના | | | |
| પૂજા | | | |

◆ **નીચે આપેલા શબ્દોને વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો.**

ફ્રૉક, મોગરો, કોનું, શું, માલિક, લાગ, તકાજો, ધરતી

વાંચવું, ઘૂરકાટ, બહાનું, સાચું, મન, છોકરી, ઊઠવું, અમે

# શબ્દરમત

અહીં આપેલા ચોકઠામાં સૂર્યનાં જુદાંજુદાં નામ છુપાયેલાં છે. આડાં, ઊભાં, ત્રાંસાં, સીધાં કે પછી ઊંધાં ગમે તે રીતે આ નામો ગોઠવાઈ ગયાં છે. તે શોધીને બતાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સ | ર | ભા | શ્ચ | ણિ | દ્વિ | ત્રિ | સૂ |
| સ્ર | હ | ક | નુ | મ | અ | ન | ર |
| આ | રૂ | સ્ર | વા | ન | રૂ | પ | જ |
| ર્ય | દિ | શ્ર | ક | દિ | ણ | ત | પા |
| સ્ક | ર | ત્ય | ક્ષ | ર | ડ | ણ | ર |
| ત્ય | ક | ક | સ | વિ | તા | સ્ક | ભા |
| સૂ | ન | ને | ભા | કૃ | ભા | વિ | જ |
| ર્ય | દિ | વા | ક | પ્ર | ર્ય | પું | સ |

| | | | |
|---|---|---|---|
| (૧) સૂર્ય | (૨) સૂરજ | (૩) રવિ | (૪) ભાનુ |
| (૫) દિનેશ | (૬) દિનકર | (૭) દિવાકર | (૮) દિનમણિ |
| (૯) પ્રભાકર | (૧૦) અરૂણ | (૧૧) ભાસ્કર | (૧૨) સવિતા |
| (૧૩) સહસ્રકર | (૧૪) આદિત્ય | (૧૫) તપન | (૧૬) ભાણ |

◆ ઉપરના બોક્સમાં આપેલાં સૂર્યનાં નામોને નોટબુકમાં વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો.

______________ ______________ ______________ ______________





______________ ______________ ______________ ______________

______________ ______________ ______________ ______________

______________ ______________ ______________ ______________



# ક્રિયાપદ


◆ નીચેનાં ચિત્રોનું નિરીક્ષણ કરી તે ક્યું ક્રિયાપદ દર્શાવે છે તે ચિત્રની નીચે લખો.














**યાદ રાખો :**

◆ વાક્યમાં ક્રિયા દર્શાવતા શબ્દને વ્યાકરણની ભાષામાં ક્રિયાપદ કહેવાય છે. ક્રિયાપદ વાક્યને પૂર્ણ કરે છે. ક્રિયાની બાબતમાં ત્રણ બાબત સંભવી શકે. (૧) ક્રિયા થઈ ગઈ હોય, (૨) ક્રિયા ચાલુ હોય અને (૩) ક્રિયા થવાની હોય.

◆ નીચેનાં વાક્યો વાંચી ક્રિયાપદ ઓળખી તેની નીચે લીટી દોરો.

(૧) વિદ્યાર્થીઓ પરીક્ષામાં પેપર લખે છે.
(૨) ઘરના લોકો ટી.વી. જુએ છે.
(૩) વાડીમાં લોકો જમતાં હતાં.
(૪) વાંદરા ઝાડ ઉપર કૂદે છે.
(૫) તળાવમાં માછલીઓ તરતી હતી.
(૬) ડુંગર પરથી ઝરણું વહે છે.
(૭) રવિવારે અમે ક્રિકેટ રમીશું.
(૮) અમે હવે નિયમિત વાંચીશું.
(૧૦) આકાશમાં પક્ષીઓ ઊડે છે.
(૧૧) પિયુ આંસુ લૂછે છે.
(૧૨) પિક્ચર જોઈને આવ્યા પછી બહેન સૂઈ ગઈ.
(૧૩) દરજી કપડાં સીવે છે.
(૧૪) વડના ઝાડની વડવાઈઓ લટકે છે.
(૧૫) અમે બધા ઉજાણી કરીએ છીએ.

# કાળ

◆ **ધ્યાનપૂર્વક વાંચો.**


- શિલ્પાએ પાઠ વાંચ્યો.
- રૂપલ પાઠ વાંચશે.
- અમારા ઘરે મહેમાનો જમે છે.
- ગઈકાલે મામા-મામી આવ્યાં હતાં.
- જીમીત પાઠ વાંચે છે.
- ખેડૂતો ઝાડ નીચે બેસી જમતા હતા.
- આવતીકાલે અમે હોટેલમાં જમીશું.
- કાકા-કાકી આવતીકાલે આવશે.

| ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ | ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|---|---|---|
| હતા | છે | હશે | આવ્યા | આવે છે | આવશે |
| લખી | લખું છું | લખીશ | કર્યું | કરે છે | કરશે |
| બેઠાં હતાં | બેઠાં છે | બેસશે | મળ્યા | મળે છે | મળશે |
| રમ્યા | રમે છે | રમશે | રડતા હતા | રડે છે | રડશે |
| ગયા | જાય છે | જશે | જમ્યો | જમે છે | જમશે |
| વાંચ્યો | વાંચે છે | વાંચશે | હસ્યા | હસે છે | હસશે |
| કૂદ્યા | કૂદે છે | કૂદશે | બનાવ્યો | બનાવે છે | બનાવશે |
| પડ્યો | પડે છે | પડશે | મૂક્યા | મૂકે છે | મૂકશે |

◆ **યાદ રાખો :**

ક્રિયા થઈ ગઈ હોય તો તે - ભૂતકાળ
ક્રિયા ચાલુ હોય તો તે - વર્તમાનકાળ
ક્રિયા થવાની હોય તો તે - ભવિષ્યકાળ
આ રીતે કાળ એટલે સમય - ક્રિયાનો સમય દર્શાવતા સમય પ્રમાણે કાળ નક્કી થાય છે.

## સ્વાધ્યાય



◆ **ક્યો કાળ દર્શાવે છે ? તે લખો.**

(૧) ગયા વર્ષે ધોધમાર વરસાદ પડ્યો. ......................................
(૨) આ વર્ષે વરસાદ ઓછો પડે છે. ......................................
(૩) આવતા વર્ષે ખૂબ વરસાદ પડશે. ......................................
(૪) ખેડૂતો દર વર્ષે વરસાદની રાહ જુએ છે. ......................................
(૫) હું નાટક જોવા જઈશ. ......................................
(૬) મારાં ફઈબા કાલે આવ્યાં હતાં. ......................................
(૭) મેં નવાં કપડાં પહેર્યાં. ......................................
(૮) બાએ સુંદર રંગોળી કરી. ......................................
(૯) તમે મોટા થઈને શું બનશો? ......................................
(૧૦) કર્ણ સદાય કવચકુંડળ પહેરતો હતો. ......................................

❀ ❀ ❀